સુબોધ માળા.

સેગવાના પટેલ જેરામભાઈ રણછોડના
વર્ગવાસના નીમીતાર્થે

લેખક
વીઠુલભાઇ નાથાભાઈ
તા. કામરેજ પોસ્ટ કામરેજ મુ. સેગવા.

છપાવી પ્રસિદ્ધ કરનાર
ભીખાભાઈ જેરામભાઈ પટેલ. સેગવાકર.
તા. કામરેજ પોસ્ટ કામરેજ મુ. સેગવા.
હેડપનીશ લલ્લુભાઈ વશનજી દેશાઇ પરબકર.
તા. કામરેજ પોસ્ટ કામરેજ મુ. પરબ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું. સેગવા, તા. કામરેજ,

સુરત ચૌટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રિન્ટીંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસીંગે છાપી.

પ્રસ્તાવના.

આ નાનકડાં પુસ્તકને વળી પ્રસ્તાવના ? જનસમાજના તરફથી એ પ્રશ્ન ઉઠવાનો સહજ સંભવ છે. કોઈપણ પુસ્તકના આરંભમાં આ તેમાં દરખાસ્ત સમાએલી છે તે ટુંકામાં જણાવવી જોઈએ, તેમજ કયા હેતુથી આ પુસ્તક લખાએલું છે તે પણ જનસમાજને જણાવવું જોઇએ. આજ કાલ હીંદુસ્તાન દિવસના વહેવા સાથે પોતાનું શાંન્તપણુંજ આવતું જાય છે આનું કારણ શું ? આવો મોટો વિશાળ દેશ કે જેની અંદર કાચું સુનું પાકે છે. કુદરત ન્યાયનું પુલ છે અને રાજ્યની રહેમાયત છે છતાં ગરીબી એ એક આશ્ચર્ય કારક ઘટના છે વિચાર કરતાં માલૂમ પડશે કે જે દેશનાં લોક, આળસુ, ખોટા ધારા મુજબ વર્તનારા અને મીથ્યા મોટમવાળા હોય છે. તે દેશની પ્રજાનો ઉદય થવો અશકય છે, હીંદ વાસીમાં કેટલાક મહાન દુર્ગુણો છે એમાં અંધ શ્રદ્ધા, અને ખોટી મોટાઈ એ દુર્ગણને તેણે ખાશ પોતાનાં મીત્ર બનાવ્યાં છે અને તેથી મારા દેશી ભાઈઓ દારીદ્રતાની અમુલ્ય પ્રસાદી પ્રાપ્ત કરી શકયાં છે.

વી. ના.

મહેરબાન ગામના પટેલ તથા વડીલ આગેવાનો આ પુસ્તક આપના તરફ મોકલ્યું છે તો આપણી કંપનીના તમામ

માણસને એકઠા કરી વાંચી સંભળાવવું યાતો વાંચવા આપવા તમારી ખાસ ભલામણ છે. **લલ્લુભાઈ વશનજી દેશાઇ.**

આપણો ખરો ધર્મ શું—એ વિષે ઘણાંક ભાઇઓનો અને મારો પણ વારંવાર પ્રશ્ન મારા મન સાથે વારંવાર થાય છે પરંતુ મેં તો કાંઈક મન સાથે એવુંજ વિચાર્યું છે કે ધર્મ એટલે ફરજ—ફરજનો અર્થ આજ્ઞા કોને કેવી કે આપણે એક કુટુંબમાં ઉતપન થઈ આપણા વડીલો વચ્ચે કેટલી ફરજો અદા કરવાનો છે તથા જ્ઞાનચક્ષુથી જોતા કયા કયા કાર્યો બાકી છે. તે કાર્યો પુર્ણ કરવા એનું નામ આજ્ઞા.

વડીલ પ્રત્યેની આજ્ઞા—આપણાથી વડીલ હોય તેને માન આપવું અને તેઓનું ઘડપણના અંદર સાથે રહીને પાલણ કરવું કેટલાક મારા ભાઈઓ શવાલ ઉઠાવ એક ભેગાં રહીને સઘળા પાલણ કરે છે પરંતુ હું કહું છું કે ચાલુ સમયમાં કોઈ કજ કરી શકશે કે ફરજ વડીલ પ્રત્યે બજાવી એનુંજ મુખ્ય કારણ કે ઘરમાં પારકાની છોકરી આવી અને ભાઈ ૧૨ વરસની ઉમરમાં પ્રેમ પાશમાં સપડાયા કે દુનીયાનું ભાન ભુલ્યા વધુ વખતે ભાઈ અને ભાભી પણ વિચાર કરશે કે આપણાથી વડીલો ઘરમાંને ઘરમાંજ બેસી રહેછે તેથી ખાનગી હાસ્યવિનોદનું બીલકુલજ ફાવતું નથી ત્યારે બાઇ કે હું તો તમને સુતાં સુતાં રોજ કાનમાં વાત કરૂં છું કે તમારા મોટાભાઈને પાડોશીનું ઘર

આપોને ડોસાડોસીને, કોઈ ભાડેની કોઠળી રાખી આપો કે આપણે સઘળી વાતે નચીન થઈએ જુઓ મારા ભાઈઓ આપે આવા દાખલા ઘણા કર્યા હશે તેમજ જોયાં હશે કે કેવી ફરજ અદા થાય છે; બીજુ એ કે ધર્મ બાબતની ફરજ બ્રાહ્મણને આપવા તૈયાર થશે પણ કોઈ આંધળો આપશે તો જા, જા, શાળા તે શું પાપ કર્યાં કે આંધળો થયો, એ પણ બાડાના ગામમાં કાંઈ સારૂ થશે તો તેમાં ઝંડુ નાખશે આવી આવી બાબતોથી ખરી ફરજો અદા કરે છે પરંતુ ભાઈઓ ઉપર લખેલી ફરજો ઉંધી છે તેને સવડી કરશો એનું નામ ખરો ધર્મ.

લલ્લુભાઈ વશનજી દેશાઈ.

જ્ઞાતિઓના આગેવાનોને નમ્ર અરજ

દોહરો.

ખોટા ખર્ચ વરા થકી, થયો દેશ પાયમાલ.
સમજી શાણા સજ્જનો, છોડો દુષ્ટ કુચાલ.

જ્ઞાતિબંધુઓ યાને ખેડુત ભાઇઓ મારા જેવા ગરીબ સેવક કરેલી અરજને પોતાના પવિત્ર હૃદયમાં સ્થાન આપશે એવી આ નમ્ર સેવક આશા રાખે છે. આ અરજ આપણા કણબી વર્ગને માટે ખાસ સાંભળવા જોગ છે. કારણ કે આપના વર્ગનો ઘણો ખરો ભાગ હેરાન થતો જોવામાં આવે છે. એથીજ અમારે હવે અમારી જ્ઞાતિના આગેવાનોને અરજ કરવા યોગ્ય ધાર્યું છે. આ અરજ આગેવાનો પોતાના અંતઃકરણમાં લેશે એવી આશાથીજ નીચે મુજબ હકીકત લખવા શરૂ કરી છે. તો તેમાં કોઇપણ તરેહનાં દોષ હોય તો આપ સુજ્ઞ બંધુઓ મને ગરીબ ધારી સુધારો કરી માફ કરશો એવી આશા રાખું છું. જ્ઞાતિબંધુઓ ! આપણા વર્ગનો ઘણો ખરો ભાગ ખેતી કરીનેજ પોતાનો નિર્વાહ ચલાવે છે, આથી આપણે ખેડુત બન્યા એમ કહીએ તો તેમાં ખોટું નહિ ગણાય. આ ધંધો આપણા બાપદાદાથી તે આજ પર્યંત કરતા આવ્યા છૈએ અને હજુ પણ એજ ધંધો આપણે કરીશું એમ મારૂં માનવું છે. આ બાપીકા ધંધામાં સેંકડો વર્ષ થયાં આપણે તનતોડ મહેનત કરીએ છીએ છતાં પૈસાદાર થયાં નથી અને સુખે ઠરી બેઠાં નથી, એનું શું કારણ હશે ?

જુઓ, આપણી કષ્ટમય મહેનત—આપણા લોક શીઆળાની ટાઢમાં, ઉનાળામાં ચોમાસામાં પડતો ધોધમાર વરસાદ અને કાદવમાં, મળસ્કું થતાં થાકયા પાકયા ઉઠશે ત્યારબાદ અંધારામાં યા અજવાળું થતાં સુધીમાં નોકરોને તેડી આવ્યા બાદ ઉતાવળ ઉતાવળમાં દાતણ પાણી કરી લુખુ સુકું ભોજન કરી સૂર્યોદય સમયે અગર તે પહેલાં ખેતીમાં કામ કરવાના ઓજારો લઇને જાય છે. જ્યાં શીઆળામાં ઠંડીને લીધે શરીર ધ્રુજે છે. કારણ કે શરીર ઉપર પૂરતાં કપડાં હોતાં નથી. વળી ટાઢ ઉડાડવાને તાપણી કરે તો વખત જાય અને એથી કામ બગડે માટે ટાઢ વેઠવીજ પડે. મધ્યાનકાળે એટલે બપોરે ખાવાને માટે ઘેર આવવાનો વખત મળે તો ઠીક છે નહિ તો રોટલા શીમાળ-માંજ ખાવા પડે છે.

કુવા ઉપર કોશ ફેરવવાનું કામ ઘણુંજ કઠણ હોય છે કે તેને યમાલય કહીશું તો ખોટું નહિ ગણાય જેણે એ કામ નહિ કર્યું હોય તેને તો ઘણુંજ કષ્ટમય થઇ પડે છે.

ઉનાળામાં સખ્ત તાપ વેઠી ખેતીનું કામ કરવું પડે છે. પાણી હોય નહિ, તરસ લાગી હોય, તો ગળે શોષ પડે છે. આવી વીટમ્બણા છતાં પણ પોતાનું કામ જારી રાખે છે. પાણી લાવવું એતો મુશ્કેલ થઇ પડે છે. જોકે મુશ્કેલ જેવું તો નથી પણ બપોર થવાને થોડો વખત હોય અને બપોર થવા કે ઘેર જવાનું હોય તો પછી આપણાજ મનમાં આમ થાય કે હવે ક્યારે પાણી લાવીએ પાણી લઇને આવીએ એટલે વખત થઇ જશે એવા ઉદ્દેશથી પાણી લેવા જતા નથી. એનું કારણ એજ કે ખેતીનું કામ પાણી ન હોવાના વખતમાં જંગલ જવાના થયા હોઇએ તો પાણી વિના ચલાવવું પડે છે ઉનાળાનો

સખ્ત તાપ એટલો તો પડે છે, કે કામ કરનારાઓનો શરીરનો કચ એટલે પરસેવો ઝેપ ઝેપ થઇ જાય છે. આપણાઓને તેવા તાપમાં સુખે છાંએ બેસવા વખત મળતો નથી વખત તો મળે પણ તેમ કરવા જતાં કામ બગડે. જો કે ખેતીનું કામ સુખરૂપે અને નિયમિત કરવું હોય તો થઇ શકે એ ! છે. પણ એમ ન થવાનું કારણ એજ કે પૈસાની ખેંચને લીધે તેથીજ કષ્ટમય મહેનત કરવી પડે. ચોમાસું બેસવાના અરસામાં વરસાદ થશે અને કામ રહી જશે એવી ધાસ્તીથી ખેડુતો બિચારા કડીતોડ મહેનત કરી રહ્યા હોય છે. એટલામાં ભોગ જોગે ચોમાશું બેસી જાય તો કેટલાઓનું કામ ચોમાશું ઢાંકી દે છે. ચોમાસાના અરસામાં ખેતી અંગેનું કામ ઓરણી, ચાશણી, રોપણી, થાણવાનું અને નીંદવાનું તથા ભાત વાઢણી તેમજ ઘાસ કાપણી એ મુખ્ય કામો હોય છે. આવા વખતમાં સાપનો વિંછીનો ગુડશા તથા દેડકા ધરીને ધાક સહન કરવો પડે છે. પગે કાંટા ભાંગે છે રોપણીમાં જાડું રાબડા જેવું મંટોડીવાળું પાણી પીવું પડે છે. અનિયમીત ખોરાક લેવો પડે છે. ચોમાશામાં કંઇક ઠેકાણે બળદો બિચારા થાકી જાય તો પાટીઆં મારવાનું કામ માણસોને કરવું પડે છે. શરદઋતુમાં સીમારમાંનું ટાઢું યા તપેલું પાણી પીપીને શરદી લાગુ પડે છે. હાલમાં થતા ખેતીના કામો કરનારાઓ યમાલયમાં ફરવા નીકળ્યા હોય છે એમ કહીશું તો ચાલશે.

ત્યારે હવે ખેતીને અધમ ગણીશું કે ? નહિંજ ખેતી કરનારાઓનાં કાર્યો અધમ છે. જ્યારે આપણા કાર્યો અધમ છે તો તેનું કારણ શું ? મારા ધારવા પ્રમાણે આપણી પાસે પૈસા નથી તેજ કારણસર ખેતીનો ખોરાક એટલે કામ બરાબર થઈ શકતું નથી. જુઓ

જ્યાં સુધરેલા દેશ જેવાં કે અમેરિકા આદિ દેશોમાં ખેતીની સફાઈ કેટલે બધે દરજ્જે સારી છે. જ્યાં હળો મોટરકારથી અગર સાંચા બળથી ખેતી ચલાવે છે. વળી તેમાં ખાતર પુંજો વિગેરે ઘણી સારી રીતે પુરાં પાડી શકે છે. એથી આપણાં કરતાં તેમાંથી માલ વધારે પેદા કરે છે. વળી જાત મહેનત ઘણીજ કમતી. ઘણું ખરૂં બળ તો પોતાની બુધ્ધિનો ઉપયોગ કરે છે. આપણી પેઠે શિયાળાની ટાઢ, ઉનાળાનો તાપ, ચોમાસાનો કાદવ, રોપણીમાં જાડું રાબડા જેવું પાણી પીવાનું, અનિયમિત ખોરાક, ઝેરી જંતુઓ નડવાં એ સર્વે હાની કર્તાઓને તેઓ અટકાવી શકે છે કારણ કે તે લોકો નિયમિત ખોરાક લેવો, નિયમિત પાણી પીવું, નિયમિત કામ કરવું, પહેરવું, ફરવું, સઘળુંજ નિયમિતજ હોય છે. તો પછી તેમને અનિયમિત કષ્ટ ઘણુંજ ઓછું હોય છે. આપણા લોકોને નિયમ એ શું વસ્તુ છે, તેજ ખ્યાલમાં નથી કદાચને ખ્યાલમાં હોય તો નિયમીતપણે ચાલવાને શક્તિ નથી જેથી કોઇ વખત મળશકામાં તો કોઈ વખત બપોરે અગર બાર ત્રણ વાગે વળી તેમાં કષ્ટરૂપી કામનાં બોજાંથી શરીરનાં આંતરડા પણ ઉંચા ચઢી જાય છે આવી અનિયમીત વર્તણુક હોય તો પછી શરીર રોગી શા માટે નહિ બને ? આ સઘળું શાથી થાય છે ખરેખર પૈસા વગરજ આમ બને છે. આપણામાં કહેવત છે. કે પૈસાદારને ત્યાં તો ભુત રળે છે. ભાઇઓ ? ભુત એ ભુવાલોકોએ સમજાવ્યો હોય તે ભુત નહિ પણ ભુત ગએલો કાળ યા વખત અગર ભુતકાળ સમજજો સબબ ભુતકાળમાં સંચય કરેલું દ્રવ્ય તેને ચાલુ કાળમાં મદદ કરી રહ્યું હોય છે.

આપણા વર્ગમાનો ઘણો ખરો ભાગ દેવારૂપી બોજાથી ડુબી

રહેલ છે. એથી એને કુવો સમજજો ને એ કુવારૂપી દેવામાંથી નીકળવાને બહુ બહુ વલખા મારીએ છીએ પણ દેવાનું વ્યાજ અને અનિતિ ભરેલા ખર્ચો જમ્બર ધક્કો મારે છે. જેથી એમાંથી નીકળવાને આપણને ઘણુંજ કષ્ટમય થઈ પડે છે. આપણા લોકો આટલું આટલું કષ્ટ વેઠીને ખેતી કરે છે. તો તેમાંથી ખોટ જાય તેવું તો નથી. આપણી ખેતી આપણી અજ્ઞાનતાના પ્રમાણમાં ઘણી સારી પેદાશ આપે છે. પણ આપણે મળેલા પૈસાનો અબુધ્ધિને લીધે તેનો દુરઉપયોગ કરીએ છીએ. એટલુંજ નહિ પરંતુ ભવિષ્યની પણ બીક રાખતાં નથી આપણને જે વરસમાં જે કંઈ મળ્યું તેનો વગર વિચારે વ્યય કરી દઈએ છે. એટલુંજ નહિ પણ કેટલાંક તો વરસની મળતર અને બાકીનાં શાહુકારને ત્યાંથી લઇને વાપરે છે. શાહુકારનાં વ્યાજ સામું જોતાં નથી. એવાં માણસોને જો કોઈ સારા બે શબ્દ કહે તો ઉલટો સામો થઈ કહે છે કે અહીં ક્યાં શાહુકાર બારણે બેસવાનો છે પણ એટલો વિચાર કરતા નથી કે આજ તો શાહુકાર બારણે બેસશે નહિ પણ વખત આવતાં બારણે આવશે, અને ખબર લેશે. જ્યાં સુધી તમારી જાગીર કરતાં દેવું ઓછું હોય તો શું કામ તમારે ઘેર આવશે ? શું તેને કમાવુ નથી ? શાહુકારો ફક્ત તમારે માટે ત્રણ વરસની મુદત જોશે. અને તે પેહેલાં એકથી વધુવાર આવશે. ભાઈઓ! આપણે પૈસા પેદા કરીએ છીએ એટલે કે ખેતી નફો આપે છે. છતાં દેવા પતાવી શકતાં નથી તેમજ શાહુકારને ત્યાંથી લાવવાં પડે છે. તો એવો આપણે ક્યો ઉડાઉ યા નકામો ખર્ચ રાખ્યો છે ? આ પ્રમાણે સવાલ જરૂર થાય તો પછી આપણા ઉડાઉ અનર્થ કરે એવા ક્યા ખરચો છે, તેનું વર્ણન કરીએ.

(૧) બાળલગ્નનો ખર્ચ.
(૨) મૈયતનો ખર્ચ.
(૩) દાગીનાનો ખર્ચ.
(૪) ધર્મને નામે થતા અનર્થ ખર્ચ.

આ ઉપર લખેલા ચાર જાતનાં હાલનાં રિવાજ પ્રમાણે થતા ખરચો નકામાં છે. મતલબ કે જરાપણ ફાયદો નથી. ત્યારે ગેરફાયદો શું છે તે આપણે જોઇએ. એક માસથી તે બાર વર્ષ સુધીની ઉમ્મરનાં બાળકોનાં લગ્ન કરે તે બાળલગ્નમાંજ ગણાશે. અને તેમાં ભારી ઇજ્જતદારોનાં બચ્ચાંઓનાં લગ્ન તો બે વરસથી ચાર યા છ વર્ષમાંજ ઘણું ખરૂં થાય છે. વળી ઘણે ખરે ઠેકાણે તો વર ન્હાનો અને વહુ મોટી હોય છે. તેના કારણોમાં પણ મનાએલી ઇજ્જત આપણામાં કહેવત ચાલે છે. કે મોટાનાં છોકરાં ઘોડીયામાંજ ઝડપાય છે. ખરેખર ઘોડીયામાં તો શું પણ જન્મતાંજ ઝડપાય છે. એમ કહીશું તો ખોટું નહિ ગણાય, કારણ કે બચ્ચું જોરાવરીથી જનમ્યું અને જન્મતાંની સાથેજ અવળે માર્ગે પકડયું. ઝડપાયનો અર્થ પકડાયજ થાય છે. જેમ તીતર ઉપર બાજ ઝડપ મારે છે, તેમ બચ્ચાં ઉપરના બાજ તે આપણે ગણાઇશું કારણ કે આપણી છોકરા પ્રત્યે શી શી ફરજો છે, તે છોડી ઉલટી નુકસાનકારક ફરજો બજાવીએ છીએ. જેથી બચ્ચાં ભવિષ્યમાં હેરાન થાય છે, અને તે પોતાની જીંદગી દુઃખદ અવસ્થામાં પુરી કરે છે.

પહેલું નુકસાન બાળકો વિદ્યા મેળવી શકતાં નથી. કદાચ મેળવે છે તો અપૂર્ણ. પુરૂં સમજી શકતાં નથી. કારણ પહેલું, તેઓ ટુંક મુદતમાં સંસારી બની જાય છે. કારણ બીજું, માબાપને લગ્ન કરતી

વખતે પોતાનાં પૈસાનો ભોગ અપાઈ જાય છે. મતલબ કે જેમ તેમ કરીને છોકરાંઓ પરણાવ્યા હોય. વળી બે વર્ષે ફરી લગ્ન કરવાનાં હોય છે તેમાંથી તે પરવારતો નહિ હોવાથી ભણાવી શકતાં નથી. કારણ કે પરણાવવા કરતાં ભણાવવામાં પૈસા ચોગણા જોઇએ અને છોકરાઓ મૂર્ખ રહેવાથી નઠારાં કર્મ કરે તે નુકસાન જુદું સમજવું બીજું નુકસાન છોકરાઓથી બ્રહ્મચર્ય પળતું નથી. કેમકે તેઓને જન્મતાંજ યાને બે વર્ષમાંજ કન્યાનો હસ્તસ્પર્શ કરાવે છે. બીજું સસરાનું ઘર જે સંસારીની કોલેજ છે. જ્યાં જમાઇ સસરાને ઘેર ગયો, કે સાળી-ઓનું શિક્ષણ બીભસ્ત ભર્યું શીખવાય છે. તેથી તે સંસારનાં સુખમાં જલદી સમજી થોડા વખતમાંજ છોકરાઓ ઉત્પન્ન કરે છે. બાળકને ઘેર બાળક એ બાળકો શા માટે રોગી નહિ બને ? પ્રજાહીણી બને. શરીર રોગી બને. પહેલું સુખ તે જાતે નર્યા. હવે અનવયે સંસારી કોલેજમાં જોડાઇ પોતાનું શરીર રોગી થઇ ગયું. બીજું સુખ જે ઘેર દીકરા હવે છોકરા પણ હીણા એટલે બળ વગરનાં થયાં. ત્રીજું સુખ સુકુળની નાર તેજ છે કરી જે અનવયમાં સ્ત્રી બની સસાશીઓ વાળ્યો. જ્યારે આ ત્રણે સુખ મળે નહિ. તે ચોથું સુખ જવાર એટલે દ્રવ્ય વગેરે શું પેદા કરે ? માટે આ ચારે જાતનાં સુખનો નાશ થાય છે. આ ચાર જાતનાં સુખ છોકરાઓને મળે એમ કરવું હોય તો તેઓને બ્રહ્મચર્ય પળાવવાની જરૂર છે. અને જ્યારે બ્રહ્મચર્ય પળાવશો તો બાળલગ્ન હોઇ શકશે નહિ એને ઠેકાણે વિદ્યાદેવીનુંજ ધ્યાન કરવું એ ઉત્તમ છે.

ત્રીજું નુકસાન દ્રવ્યનું. આપણામાં છ માસથી બે વરસનાં બાળકો પરણાવી દે છે. તેમાં દર છોકરાં દીઠ એક હજાર રૂપીઆનો ખર્ચ થાય છે. હવે તે પરણનારની વીસ વર્ષની ઉમ્મર થતાં સુધીમાં

વ્યાજ સાથે રૂપીઆ બેથી ત્રણ હજાર જેટલાં જરૂર થવાનાં. જો વીસ વર્ષે લગ્નનો રિવાજ રાખીએ અને લગ્ન કરીએ તો લગ્ન ખર્ચ રૂપીઆ એક હજાર કાપી લઇએ ત્યારે બાળલગ્નનાં રિવાજથી રૂપીઆ હજારથી બે હજાર જેટલો ફાયદો અથવા વાંકડો મળે. આપણામાં કેટલાક ભાઇઓ લગ્ન કરતી વખતે કન્યાના બાપ પાસેથી વાંકડો માંગે છે. અને તે જુલ્મ જેવોજ હોય છે તો તેવા ભાઇઓને અમો જણાવીએ છીએ કે વેવાઇની પાસે શા માટે વાંકડો માંગો છો.

તે વળી જબરાઇથી. તેના કરતાં તમારા બાળલગ્નના રિવાજ ઉપર જબરાઇ કરો કે જેથી તે સમય આવતાં છોકરો મફત પરણશે. અને હજાર બે હજાર રૂપીઆ વાંકડો પણ લાવશે. છોકરાઓને ભણાવવાનું પણ તમને સૂઝ પડશે. ભણેલા છોકરાઓ પોતાની જીંદગી સુખમાં ગુજારશે, અને તેઓની આશિષ પણ તમને મળશે વળી તે છોકરાઓ તમારી આજ્ઞાનું ઉલંઘન કરશે નહિ

હાલનાં સમયે બ્રહ્મચર્ય નહિ પળાવતાં હોવાથી બાળકો તદ્દન નીર્જીવ જેવાંજ પેદા થાય છે, એમ કહીએ તો ચાલે. લગ્નની વૈદીક ઉમ્મરે પહોંચે ત્યાં સુધીમાં બાળકો કંઇ કેટલાંક જન્મતાંની સાથેજ મહીને છ મહીને તો કેટલાંક વર્ષે બે વરસે અગર પાંચ, સાત, દશ, બાર, પંદર વર્ષની ઉમ્મર થતાંજ મરણ પામે છે જયારે મરણનું પ્રમાણ આમ છે, ત્યારે વીસ વરસ પહેલાં જે લગ્નો કરવામાં આવે છે; તેમાં મરનારાંઓના લગ્નો થયાં હોય, તો તે આપણામાં બેવડું નુકસાન વેઠવું પડે છે. તે એ કે વર મરે તો કન્યા ને મુડી બન્ને જાય. તેમજ માબાપનાં દીલમાં છેદ પડે છે જો કન્યા મરે તો જે કન્યા મેળવતાં પૈસા ગયા હોય તો તે જાય અને બીજી કન્યા

મેળવતાં જીવ જાય. મતલબ કે પરણેત લગન કરતાં ડબલ ત્રબલ પૈસા જાય છે. આપણામાં બાળકો જન્મતાની સાથેજ આપણે લગ્નનાં મૂળ રોપીએ છીએ તેથી દરેક ઘેર બાળલગ્નમાં વપરાતું દ્રવ્ય નુકસાનમાં જવાનુંજ. જુઓ બાળકોનાં કાચા વહેવા કરીએ છીએ તે સમયે સાકરપડામાં પચ્ચીસથી પચાસ રૂપીઆ જેટલો જમણવારનો ખર્ચ થાય છે, અને તે દરેક ઘેર બાળકોનાં વિવાહ થઇ જાય છે; તો પછી દરેકને વેઠવું પડે તેમાં નવાઇ જેવું નથી. આપણી જ્ઞાતિમાં વિવાહ થએલા અનવયમાં લગ્ન થએલાં અને તેઓનાં અનવયમાં મરણ પામેલાં દાખલા જોવા માંગશું તો ઘણાજ મળી આવશે. જ્યારે આ પ્રમાણે બનતા બનાવો આપણે જોઇએ છીએ ત્યારે પૈસાનું નુકસાન તે વળી અવળે માર્ગે થાય છે એમ શા માટે કહેવું ન જોઇએ. જરૂર પૈસાની હાની થાય છે; અને તે એટલી બધી થાય છે કે આજથી સો વર્ષ પૂર્વેથી આ ક્રુર રિવાજ બંધ કર્યો હોત તો આજે આપણે લક્ષાધિપતિ થયા હોત એમાં કશો શક નથી. એને માટે આપણે એક આસરા પડતો દાખલો લઇએ. એથી આપણને સહેલાઇથી સમજ પડશે. ધારો કે એક માણસે પોતાનાં છોકરાના પાંચ વરસની ઉમ્મરમાં લગ્ન કર્યાં. ત્યારબાદ તે છોકરો મરણ પામ્યો. એટલે કન્યા એને બીલકુલ ઉપયોગી થઇ નથી. તો તેને માટે થએલો ખર્ચ રૂા. ૧૦૦૦) નો સો વર્ષમાં આઠ આનાની તેરીખે વ્યાજે મૂકીએ તો વ્યાજ અને મુદ્દલ મળી કેટલી રકમ થાય તે જોઈએ. આઠ આનાની તેરીખે બાર વર્ષે ડબલ થાય છે. એ હિસાબે પાચ વર્ષનું પ્રથમ લગીના વખતમાં રૂા. ૧૦૦૦) સત્તર વર્ષમાં રૂા. ૨૦૦૦) ઓગણત્રીસ વર્ષે રૂા. ૪૦૦૦) એકંતાળીસમે વર્ષે રૂા. ૮૦૦૦) ત્રેપનમે વર્ષે રૂા. ૧૬૦૦૦)

પાંસેઠમે વર્ષે રૂ.૩૨૦૦૦) સીત્તોતેરમે વર્ષે રૂ. ૬૪૦૦૦) નેવ્યાશીમે વર્ષે રૂ.૧૨૮૦૦૦) અને એકસોને એક વર્ષે ૨૫૬૦૦૦) રૂ. થાય છે આપણી જ્ઞાતિમાં ઉપર મુજબનું નુકસાન થયા વગરનું ઘર ભાગ્યેજ જોઈ શકીશું. આપણી જ્ઞાતિમાં કેટલાક તો આવા અનવ્રય લગ્ન કરીને તંગ્રાસ થઇ ગએલા જણાય છે. છતાં પણ આ ક્રુર રિવાજને હજી પણ પસંદ કરી રહ્યા છે. એ અફશોષની વાત છે. હવે તો થાકયા. ભાઇઓ ? થાકયા. એથી ઘણાજ હેરાન થયાં છીએ. માટે એ રિવાજને જલદીથી બંધ કરો નહી તો આપણે અવળી રીતે મરણને શરણ થઇશું. ચોથું નુકસાન આપણે જે બાળકોને પરણાવ્યાં છે, તે આપણને વૃદ્ધાવયે પાલણપોષણ કરવાના હેતુથીજ. નહિ કે આપણને હેરાન કરશે એમ ધારીને એ કામ કર્યું નથી. માબાપોએ પોતાનાં બચ્ચાંઓને મોટાં કરવામાં ઘણીજ મહેનત લીધી છે. શરીર અને પૈસાથી દુઃખ વેઠયું છે. છતાં છોકરાં વીસ વર્ષની ઉમ્મર થતાંમાંતો માબાપની સામા થઈ જાય છે. અને છોકરો વહુનો થઈ બેસે છે. માબાપ બિચારા ભલી રીતે હેરાન થાય છે, તે છોકરો સારી રીતે જુએ છે. પણ વહુ આગળ ગુલામ થઈ ગએલો હોવાથી તેનું કશુંજ ચાલતું નથી. ખરે બિચારા છોકરાનો એમાં તલભાર પણ કશુર નથી. એ સઘળી કસુર માબાપનીજ ગણાશે. તેનું અવળું ફળ માબાપનેજ મળે તેમાં નવાઈ જેવું નથી. માબાપે જે ફરજ છોકરા પ્રત્યે બજાવવાની હતી તે નહિ બજાવતાં અવળે માર્ગે ચલાવ્યો તેનું ફળ અવળુંજ આવે. માબાપને વહુ છોકરા તરફથી કેટલું દુઃખ પડે છે તે બાબતમાં આપ સૌ કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે માટે તેવા ખરાબ શબ્દો નહિ લખવા ધારૂં એજ વધારે સારૂં છે. આ બાળલગ્નના રિવાજમાં ઉપર

મુજબનાં નુકસાનો આપણને વેઠવાં પડે છે. તો એ રિવાજ નાબુદ કરવા જ્ઞાતિ આગેવાનો કૃપા કરો. હવે મૈયત ખર્ચમાં શું શું નુકસાન થાય છે તે જોઇએ. આપણામાં મૈયત ખર્ચનો હેતુ નીચે મુજબ ધારે છે.

મરણ ખર્ચ કરવાથી, બ્રાહ્મણો પાસે સરાવવાથી, મરનાર ઉગરી જાય છે અથવા સ્વર્ગે જાય છે. ઉપરની ક્રિયા નહિ કરીએ તો મરનાર અપવર્ગમાં જાય છે, આવી આપણી માન્યતા છે. આમ બ્રાહ્મણ લોકોએ મનાવ્યું છે. વળી કેટલાક અર્ધદગ્ધ સુધારાવાળા જણાવે છે કે મરણક્રિયા એ ખાવાખવડાવવાનો વહેવાર છે. કેટલાક પૈસાદાર છીએ એમ જણાવવા સારૂ અમો ખર્ચ ન કરીએ તો મોટા નાના કેમ જણાય વિગેરે હકીકતો જણાવે છે પણ એ ઉપરની માન્યતા ખરેખર નિષ્ફળજ છે, કારણ કે એમાંનું કશુંજ બનતું નથી. આપણને આ મરણ ખર્ચનો ઘણો ખરો ભાગ બ્રાહ્મણોએ વડીલોને યા મરનારને શુભ ગતિ મેળવી આપે છે, એમ મનાવ્યું છે તે ઉપરથીજ આ રિવાજ કહડાવેલ જણાશે કારણ કે આપણને વૈદીક હકીક્તથી અજાણ રાખી પોતાનો સ્વાર્થ યજમાનોમાંથી સાધ્યો છે. બાકી યજમાનનું તેમ મરનારાનું કંઇપણ ભલું કરી શક્યાં નથી. પ્રથમ એ લોકોનાં વાક્યો જુઓ બ્રહ્મવાક્ય **जनार्दनम** બ્રાહ્મણોનું વાક્ય કદાપિ ફરતું નથી. આ વાક્યમાં ફરતું ને બદલે ફળતું નથી એમ કહીશું તો આ વખતમાં ચાલશે પોતાના પેટને ખાતર જુઠું બોલી ભીખ માગનારાઓનો કદાપિ કાળે વિશ્વાસ કરવો જોઇએ નહિ. તેઓનો આપણે વિશ્વાસ: કર્યો છે, .તેથી આપણે હેરાન થયાં છીએ. હજુએ વિશ્વાસ કરીશું તો જરૂર આપણો ભીખ માંગવાનો વખત આવશે. આપણા લોકોમાં દ્રવ્યથી દુર્દશામાં આવેલા માણસો બિચારા નિરૂપાયે

દીકરીઓનાં પૈસા લઈ પોતાનું ગુજરાન ચલાવે છે. આ બધું શાથી બન્યું એ સઘળું બ્રાહ્મણોના પ્રતાપથીજ, એઓનો ભરોસો કરવાથીજ બન્યું છે બ્રાહ્મણો એક પૈસા ખાતર, લાડવાને ખાતર ચાર ચાર ગાઉ સુધી દોડયા ચાલ્યા જાય છે. અને જાુઠું એતો એના વારસામાંજ આવેલું એક પૈસામાં દીકરો આપે છે. તમો એક આપો તો એ પ્રભુ પાસેથી લક્ષ અપાવે છે. ધનવાન આયુષ્યવાન પુત્રવાન સદા રહે સુખી એ સંધુ એક દોઢીઆમાં આપે છે. એ લોકોએ પરમેશ્વરને ઇજારદાર કરીને થાપ્યો છે અગર તો એ લોકો ઇજારદાર થઇ બેઠા છે એમાંનું કશુંજ સમજાતું નથી. જ્યારે એ લોકોનું બોલવું સત્ય હોય તો પછી વાંઝીઆઓને પુત્ર કેમ ન થયા. ધનવાનને બદલે ગરીબ કેમ થયો. આયુષ્યવાન થવાને બદલે જલદી મરણ કેમ પામ્યો આ કરતાં એક શબ્દ સાચો પડે છે. **पशु पुत्रलाभं** ખરેખર એ. શબ્દ પ્રમાણે આપણી કોમમાં બન્યુ જાય છે. ભાઇઓ જરા પુછો તો ખરા કે તમે શા વડે મરનારને પહોંચાડો છો. મંત્રદ્વારા કહે તો પુછો કે અહીંની વસ્તુ યા ભાણુ વિદેશ તો ધેર ગયું પણ પરગામ ગએલા માણસને પહોંચાડશો ? જવાબ નાનો મળશે. જ્યારે જીવતાંને પહોંચાડતાં નથી. ત્યારે મરનારને શી રીતે પહોંચાડો. વળી પૂછો કે મરનારને પહોંચાડો છો, તો કઇ જગ્યાએ. જવાબ જથડ પથડ. મરનારો ત્યાં શું કરે છે. સ્વર્ગ તે કોઈ વસ્તુ છે, કે શહેર છે, અગર ગામ છે. વિગેરે પૂછો તો જવાબ દરેક ભાંગલાજ પડશે. બ્રાહ્મણો દેવ બનાવી ભોળા લોકોની પાસે પુંજાવી પોતાના પેટરૂપ લૅટર બોક્ષમાં નાખવાને ઘણાજ હોશિયાર છે. જાુઓ ! પીપળો દેવતા, લીમડો દેવતા, તુળશી દેવતા, ચામડુ દેવતા, પત્થર દેવતા, માટી, લાકડું કાંકરા વિગેરે પૈસા

મેળવવાને સરાવતી વખતે ચોખાનાં નવગૃહ બનાવે, ઘઉંના ગણપતિ બનાવે, દાભડાના વિષ્ણુ અને રૂદ્ર કળશ તેમજ નવચંડીકા બનાવીને અંદર પૈસા, સોપારી શ્રીફળ મૂકાવે છે. જ્યારે કામ પુરૂં થયું કે પછી બધા દેવોને ઝોળીમાં નાંખી દે છે. વળી એ લોકો કહે છે, કે ભાઈ તમો જે આપશો તે પહોંચશે કારણ કે સ્વર્ગમાં કોઇ વસ્તુ નથી. અને વસ્તુ છે, પણ અહીંયા તમો બ્રાહ્મણને આપશો તો તેનું સર્ટીફીકેટ મેળવશો તોજ ત્યાં મળશે. જો એમજ હોય તો આપણે થોડું ઘર પણ આપવું જોઇએ. કારણ કે મરનારને માટે પલંગ ગોડદા, ચાદર, અંગરખો, જોડાં ધોતીયું વાસણ દાળ ચોખા મીસ્ટાન ભોજન આપીએ છીએ. એ કદાચ પહોંચે એમ ધારો પણ તે બિચારાઓને શિઆળાની ટહાડ, ઉનાળાંનો તાપ ચોમાસાનો વરસાદ વિગેરે લાગતુંજ હશે. માટે થોડું ઘર પણ આપવુંજ જોઈએ. એ લેવું બ્રાહ્મણો શા માટે ભુલ્યાં હશે. એ લોકો ઘર પણ લે. પણ જ્યારે યજમાન ઘર વિનાનાં થઈ પડે અને હેરાન થાય, તો તેની જલદી અસર થાય, અને બ્રાહ્મણોની રોજીમાં જલદી ધુળ પડે તેટલાંજ માટે. વળી ઘર યજમાન આપે પણ નહિ, એથીજ રહેવા દે છે, જો યજમાનની આસ્થા હોય તો એ ચૂકે તેવાતો નથીજ. અરે બ્રાહ્મણ ભાઇઓ ? હવે તો આ યજમાનોને સુલટી રીતે સમજાવો કે હજુ પણ મંત્રના બણુગા ફુંકશો. જ્યારે તમારા મંત્ર સાચા હોય તો અમો દ્રવ્યનાં ભુખ્યાં થયાં છીએ, માટે કૃપા કરી સ્વર્ગમાંથી નાણાનાં અને સોના ચાંદીના ઢગલાને તમારા મંત્ર મારીને તોડી પાડો. અમો તેને વિણી લઇશું તેમાંથી તમને આપતી વખતે કંજુસાઇ નહિ કરીએ જ્યારે તમારાથી તેમ નહિ બનતું હોય તો આજ સુધી જે થયું તે થયું.

પણ હવે યજમાનોનો ખ્યાલ છોડો અને વિદ્યા પ્રાપ્ત કરી વડીલોના વંશને તારો. આજ તો કેટલાક બ્રાહ્મણો યજમાનને લુટી રહ્યા છે. ત્યારે કેટલાક કાસદનું કામ કરે છે. કેટલાક નીચ ઘેર બબર્ચી બન્યા છે ત્યારે કેટલાક શીયાળાની ટાઢ વાય છે, ડગલો ડગલો થાય છે એવી બૂમો પાડે છે. કેટલાક સત્યનારાયણ હું માંગીશ તે આપીશ કેટલાંક ભુવાનું કામ ચલાવે છે. આવા બ્રાહ્મણો મરનારનું અગર જીવતાંનું શું તરાવી શકે. કંઈજ નહિ માટે એઓનો ભરોસો નહિ કરતાં મૈયત ખર્ચ ઉલટી રીતીનાં બંધ કરો એમાં પણ ભારે રકમ ખર્ચાય છે. આ ખર્ચો આપણને એકમેકને ખાવા ખવરાવવાનો વહેવાર છે. એમ તમારૂં કહેવું ખરૂંજ હોય તો સરાવવા તરાવવાની શી જરૂર વારૂ ? તમે લાડુ ખવડાવ્યો હોય. અને બીજી જગ્યાએ શીરો જમો છો.

આપણામાં મોટા એવા ગણાતા આગેવાનોને ત્યાં નોતરાં ઘણુંખરાં મૂકે છે અને મોટા આગેવાનોને ત્યાંથી તેઓને ઘેર નોતરાં મૂકતાં નથી જ્યારે આમ બને છે, તો શું વહેવાર ગણાશે કે ? ખાવાના લાડુ અને ખવડાવવાના કુશકા, આપવાનો પૈસો અને લેવાનો રૂપીઓ. આ રિવાજને વહેવાર પણ નહિ ગણાય. જુઓ નાણાંનો વહેવાર– આપણે પાંચ રૂપીઆ ઉછીના લાવ્યા, તો તેને પાછા પાંચ રૂપીઆ આપીશું. નહિ કે વધારે તેમજ ઓછા અપાય માટે ખર્ચ વહેવારમાં ગણાશે નહિ. ખર્ચ કરવો એ પૈસાદારની નીશાની છે એ પણ ખોટું છે. એ રૂલ દેવાદારની નીશાની છે. એમ કહીએ તો ચાલશે. આપણામાં પોતાના પૈસાથી ખર્ચ કરે એવા સેંકડે દશ પંદરજ આશામી નીકળશે. બાકીના સાધારણ દેવાવાળાજ છે. પૈસાવાળો ખર્ચ કરે તે

ને ઘણા ખરા તેની બરોબરી થવા સારૂ અગર તેનાથી પણ ઉંચો
સારૂ દેવું કરીને પણ સારો ખર્ચ કરે છે તો આ રૂઢ દેવાદાર
વે છે કે નહિ તેનો તોલ આગેવાનોએજ કરવો જોઇએ. વળી
પૈસાદાર હોય અને તેણે ખર્ચ કર્યો નહિ હોય તો તેને ગરીબ
શે કે ? નહિજ કહો. કારણ કે તેને ત્યાં પૈસા છે, એવું આપણે
ણીએ છીએ માટે તેના ઉપર ખોટો આક્ષેપ નહિ મૂકાય. પૈસાદા-
ાજ ખર્ચ કરવા એમ જો પસંદગીમાં લેતા હોય તો તે પણ
ડું છે. કારણ કે જમનારો જમી જશે, અને યશમાં દીવો શું
કંઇ બાપદાદાની આખાત હશે તે તાજી કરશે વિગેરે બોલશે.
તે મૈયત ખર્ચમાં આજદીન સુધીમાં કોઇને જશ આપ્યો છે,
ડું કોઇપણ જોઈ શક્યા નથી માટે ભાઇઓ આપણા આ કુર
ાજો છે એમાં દરેક ખર્ચોમાં હજારો રૂપીઆની ખુવારી થાય છે.
ી આ મૈયત ખર્ચ તદ્દન મુડદાં ઉપર બેસીને ખાવા જેવોજ ચાલ
માણસોને મૈયત ખર્ચ જમવા વ્યાજબી નથી. એથી આપણી
ંધ પદભ્રષ્ટ થઇ છે વિગેરે ઘણુંજ નુકસાન થાય છે. આપણે જે
ાદાર યા વહેવાર વિગેરેની જે દલીલો ઉઠાવી છે તેમાં મરનાર
ને તેના ખર્ચ કરનારને જરા પણ ફાયદો થયો નથી. જે બ્રાહ્મ-
એ અદ્રષ્ટ દાખલા નહિ માનવા જોગ મૂકી આપણને અવળે રસ્તે
ાવ્યાં છે તેમાં ફક્ત તેનેજ ફાયદો થાય છે કારણ તેઓનું તેમજ
ાનાં બાળબચ્ચાંનું ભલી રીતે પોષણ થાય છે જ્યારે આમ હરામ
ગે પોષણ થાય છે તો પછી વેદવિદ્યા ભણવાને શું કામ કડાકુટ
. ફક્ત ભોળા લોકોને સમજાવવાની પોપવિદ્યા ભણ્યા એટલે બેડો
ર. ભાઇઓ ? બ્રાહ્મણો જ્યારે મરાવી તરાવી મુક્તી આપતા અગર

અપાવતા હોય તો પછી પાપ કરતા આપણા લોકો શા માટે ડરે છે. આપણા લોકો કહે છે કે આપણું પાપ મરવા પછી બ્રાહ્મણો સરાવીને બાળી મૂકે છે પણ એમાંનું કશું બનતું નથી. કહેવત છે કે કરેલા કર્મો ભોગવ્યા વિના છુટકો નથી. પાપીને સજા જરૂર થશે. એ પ્રમાણે કહીએ છીએ તેજ ખરૂં છે. બ્રાહ્મણો તરફથી કહેવામાં આવતા શબ્દો અને તેના અર્થ જુઓ, યજમાનને કહે છે કે અમારે કંઈ ખેતી છે ? અમારી ખેતી તમે. વળી કહે છે કે તમે અમારૂં કલ્પવૃક્ષ છો તેમજ અમો તમારી ગાયો છીએ, માટે તમે ગાયોનું રક્ષણ કરો. વળી કહે છે કે, કણબી પાછળ કોડ વિગેરે જુઓ આપણને જમીન બનાવી ખેડી ખાય છે. ખેતીનો અર્થ જમીન ખેડવાનો થાય છે. એ લોકોમાં પોતાનું ગામ પોતાથી નહિ ખેડાતું હોય તો બીજા બ્રાહ્મણને ગણોતથી આપે છે. અને તે બીજો બ્રાહ્મણ ગણોતથી ખેડે છે. આપણને આંબાના ઝાડ બનાવ્યા છે. આપણને જડ જીવાત્મા તરીકે બનાવી એઓ ચૈતન્ય આત્મા હોવાનો ભોગવટો કરે છે. અમે તમારી ગાયો છીએ, જ્યારે આમ કહે તો એઓને પૂછો કે જ્યારે તમો ગાય હોવ તો તમારૂં રક્ષણ આજદીન સુધી કર્યું છે, પણ તમે કયા આંચળેથી દુધ અમને આપ્યું છે. અમે તો નથી જોતા કે ટીપું સરખું દુધ આપ્યું છે. ધુળ નાખી દુધને બદલે મુતર આપ્યું હોત તો અમે માનતે કે ભાઈ ખેતરમાંનું ખાતર કરવા કામ ચાલત. હા તમે ગાય ઠરો પણ કયારે કે અમો તમારો ચારો યા ઘાસ ઠરીએ ત્યારે તમો ગાય અને અમે ઘાસ માટે ગાયે ઘાસને ખાઈ નાંખ્યું છે. તો ભાઈઓ ? હજુ સુધી આપણી આંખ ઉઘડતી નથી. એ એક અફશોષની વાત છે. માટે હવે તો જાગૃત થયા વિના આપના બાપનો છુટકો નથી. દીનપ્રતિદીન દરિદ્રરૂપી રોગ વધતો જાય છે. માટે તેનો સત્વર ઈલાજ થવો જોઇએ.

કણબી પછાડી કોડ જુઓ આપણી પછાડીજ ભીખ માંગીને પુરૂં કરે છે. તેમ છેજ નહિ. કારણ કે અનાવિલ, દેશાઇ, રજપુત, કોળી, કાછીઆ, કંસારા આદિ ઘણી કોમો પોતાના બળવડે ગુજરાન ચલાવે છે. ફક્ત ભીખારી લોકોજ આપણા ઉપર નિર્વાહ ચલાવી રહ્યા છે. એ શબ્દ કોડને બદલે કણબી પછાડી બરડાની સાટ એમ કહીશું તો ચાલશે કારણ કે આપણે નહિ સહેવાય તેવી મહેનત કરી કરીને એથી શરીરનું લોહી શોષાઇ આપણા બરડાની સાટ દેખીતી તરી નીકળે છે. એથી આપણે કેટલા હેરાન છીએ, તે વિચાર કરવા જેવું છે માટે હવે આપણને સુખની પ્રાપ્તિ થાય એવા રસ્તા શોધો અને આ ક્રુર રિવાજોને તેમજ તેના કહાડવાવાળાઓને પગે લાગી પાણીચું જરૂર આપો.

(૩) દાગીના ખર્ચ—

આપણામાં દાગીના પહેરવાનો ચાલ ઘણા વખતથી પડી ગયો છે, પણ એ રિવાજથી કેટલી હાની છે, તેનો હજી કોઇએ વિચાર કર્યો નથી. જો કે કોઇએ વિચાર કરી હાની શોધી કાઢી હશે પણ એ વિચારોને અમલમાં મૂકેલા જણાતા નથી. ભાઇઓ? આ ઘરેણાંના રિવાજને કાળદુર્ગ કહીશું તો તે ખોટું નથી. એનાથી થતાં નુકસાનો—

(૧) સોનું ખરીદતી વખતે ચોકસીને નફો આપવો તે.

(૨) સોની લોકો અંદરથી ખાઇ જશે તે.

(૩) સોની લોકોનું ઘડાણ.

(૪) સોનાનું ઘશાણ થાય છે તે.

(૫) રૂપીઆનું વ્યાજ દીવાળી બાકી સાથે.

(૬) દાગીના માટે સાચવણી યા કાળજી રાખવી પડશે. તેમાં જતો વખત.

(૭) હંમેશાં ફિકરમાં રહેવું અને અકસ્માત થતા નુકસાનો જેવાં કે ચોરી ખુન વિગેરે.

(૮) શરીર ઉપર તેમજ દાગીના ઉપર મેલ ઠરે છે. અને તેનાથી થતી ગંદકી રૂપ નુકસાન.

(૯) દાગીનાના રિવાજથી માણસોમાં દુર્ગુણ પેદા થાય છે, તે પણ ભારે નુકસાન કર્તા છે.

ઉપર મુજબનાં નુકસાનો ઘરેણાં પહેરવાથી થાય છે તો પછી માણસો શી રીતે વેઠી શકે. એજ દાગીનાની દોસ્તી કરવાથી કંઇ કેટલા જડમૂળથી ઉખડી ગયાં છે એ સોનબાઇની સોબત કરવાથી દરિદ્રી બને તેમાં નવાઇ નથી. જુઓ ? ઉપર લખેલા ૨ થી ૫ નંબર સુધીનાં નુકસાનો વાંચીશું તો શું ફાયદો છે તે સમજાશે. દાખલો—

એક માણસે સોનું તોલા એકના રૂા. ૨૫ લેખે ચાર તોલા લઇ તેનો દાગીનો સોની પાસે કરાવ્યો. તો તેમાં ૨ થી ૫ નંબર સુધીનાં નુકસાનોથી બાર વરસ સુધીમાં નાણાનું નુકશાન કેટલું જશે. સોનાની ખરીદી રૂા. ૧૦૦) સોનીની ઘડાઇ રૂા. ૬. સોનીની ખોરાકી રૂા. ૦ સોનીની ખોરાકી આપણે મુલતવી રાખીએ તો ઘડાઇ સાથે રૂા. ૧૦૬) ના બદલામાં આપણને રૂા. ૧૦૦) નું સોનું નહિ પણ તેનો બનેલો દાગીનો હાલના વખતમાં મળ્યો છે. હવે રૂા. ૧૦૬) એકસો ને છ રૂપીઆનું બાર વરસે ડબલ પ્રમાણે રૂા. ૨૧૨) બસેં ને બાર થાય છે. ઘશાણના દર વરસે રૂા. ૨) લેખે ૧૨×૨=૨૪

અને તે ચોવીશ રૂપીઆનું વ્યાજ આસરા પડતું રૂ. બારેક ગણીશું તો રૂ. ૨૪+૧૨=૩૬ થશે વ્યાજ મુદ્દલ બાર વર્ષનું ૩૬+૨૧૨=૨૪૮ રૂપીઆ થશે. ચાર તોલા દાગીનામાંથી ઘસાઇને એક તોલા જેટલું સોનું જતાં ત્રણ તોલા રહે છે. જે રહેલા સોનાનો ભાવ દર તોલા દીઠ રૂ. ૨૦) ઉપજશે તે હિસાબે ગણતાં રૂ. ૬૦ નો માલ માલીક પાસે રહ્યો. હવે રૂ. ૨૪૮) માંથી રૂ. ૬૦) બાદ કરીશું તો રૂ. ૧૮૮) એકસોઅઠયાસી જેટલું નુકસાન સો રૂપીઆના દાગીનામાં થયું તો જેના ઘરમાં બારસો રૂપીઆના દાગીના વસાવ્યાં હશે તેને દર વર્ષે રૂ. ૧૮૮) નો નાશ થાય છે. એથી ફાયદો જરા સરખો દેખાતો નથી. તો પછી આવા ક્રુર રિવાજો શા માટે નહિ છોડવા. એ વિચારવા જેવું છે. જુઓ ફાયદો શ્રીમંતોએ પહેર્યાં હશે તો લોકો કહે છે, કે ભાઇ પૈસાદાર છે ને પહેરે એમાં નવાઈ શું. દેવાદાર માણસે ઘરેણું પહેર્યું હશે તો લોકો કહે છે, કે દેવાળું ફૂંકવાનો છે. હમણા તો પીળો દમક જેવો થઇને ફરે છે. પણ બાપનું પતાવતાં કુચો નીકળી જવાનો છે. નાગો માણસ પહેરે છે તો તેને નાગી અફારીમાં ફરે છે. એને શું કયા બાપના પતાવ્યાં છે. એને કંઇ લાજ ગયાની નાનમ છે. ચોર લોકોએ પહેર્યાં હશે તો તેનો કોઈપણ વિશ્વાસ કરશે નહિ અને કરશે તો ચોરનો ભાઈ. અજાણ માણસ ઘરેણું પહેરી આવશે તો તેની તમો ખાત્રી કર્યા સિવાય નાણાના વહેવારથી દૂર રહેશો. સાદો માણસ હશે તેને તેમજ પૈસાદાર માણસને હજારો રૂપીઆનો માલ અંગ ઉધારે આપશો. વહેવારનાં કામમાં આબરૂ અને પૈસાની જરૂર છે દાગીનાની જરૂર બીલકુલ જણાતી નથી. માટે ભાઇઓ આ રિવાજને પણ તીલાંજલી આપશો.

જુઓ એ સિવાય કેટલા ગેરફાયદા છે. (૧) દાગીનાના રિવાજથી વ્યભીચારમાં વધારો થયો. (૨) એ રિવાજથી કંઈ કેટલાંના ખુન થયાં તથા ચોરી થઇ. (૩) એથી દગો પેદા થયો. (૪) દેવાદાર થયા છે. (૫) તીવ્ર ધાર જેવો અભિમાન વિગેરે દુર્ગુણો પેદાં થયાં છે. એ સિવાય અનેકાનેક નુકસાનો જણાશે પણ ફાયદો જરા પણ જણાતો નથી. આપણા લોકોનું કહેવું છે કે ભીડે ભાડે ગીરોઉ મૂકીને કાળદુકાળ કાઢીએ. જુઓ? એ પણ ખોટું છે, કારણ કે રૂા. ૧૦૦) ના દાગીનામાંથી દર વર્ષે રૂા. ૧૬ જેટલી ખોટ મૂકવી પડે છે. ભીડે ભાડે ચોર લોકોને મદદ કરે તે વાત ખરી છે, પણ આપણને તો દર વર્ષે ચાંલ્લો થવાનો માટે આ રિવાજને છોડી નહિ દેશો તો જેમ આપણા શરીરમાંથી એક પગ ખંડીત થાય અને તેની જે વેદના ભોગવીએ તેવીજ હાલત સમજજો. તમે શરીરને શોભાવવા માંગતા હોય તો વિદ્યા અને કપડાંથી શોભાવશો. એથી દાગીનો હજાર ગાઉ નાશી જશે. આપણને એવી શંકા થાય કે પરમેશ્વરે સોનું શા માટે પેદા કર્યું. એ પણ ભૂલ ખાવા જેવું છે. પરમાત્માએ સોનું પેદા કર્યું એ કારણ વિના નહિ હોય. જુઓ, સોનાની ભસ્મ બને છે, અને તેનાથી મહાન રોગ મટે છે. સોનાનું ચલણ રૂપામાં પંદર રૂપીઆભાર અને ત્રાંબાના સિક્કામાં ૯૬૦ પૈસાભાર જેટલું વજન ઓછું કરી નાખે છે સોનું અને રૂપું નહિ હોત તો પૈસાદારો ભારે વજન સમાવત કયાં. તેમજ કેટલી મહેનત પડત. વળી સોનું વાપરવા માટે આપ્યું છે. પણ તેનાથી ગેરફાયદો થાય તેમ કરવા સારૂં આપણને આપ્યું નથી. પછી ભલે મૂર્ખ લોકો અવળો ઉપયોગ કરી તેના અવળા ફળ ચાખે તેમાં પરમેશ્વરને દોષ

આપવાનો નથી. વળી તમને શક જતો હશે કે જ્યારે ઘરેણાના રિવાજ બંધ કરીએ તો પૈસા વધારે થાય તેને શું કરવું. તેવા ભાઇઓને હું એટલું કહું છું, કે તમારી વાત બેંશ ભાગોળે અને ઘેર ઝટકા જેવી છે. તમે પૈસાદાર તો બનો પછી તમને પૈસા વાપરવા અગર સંગ્રહ કરવા ઠેકાણું નહિ મળે ત્યારે એકે મોઢે ઘરેણા ગાલ્લા ભરી બનાવી નાખશો પરન્તુ શેખચલ્લી જેવાં વિચારો નકામાં છે આપણી જ્ઞાતિમાં આવો સવાલ કરનારાઓને એટલુંજ નમ્રતા પૂર્વક પૂછું છું કે મુંબઈ આદિ શહેરોમાં હેરત પમાડે તેવા મકાનો બાંધેલા જોવામાં આવે છે, તેનો પાયો નાખવા જેટલાં આપણી પાસે પૈસા છે, કે એક આગબોટ યા ગાડી અગર બલુન તો શું પણ એક એક મોટરકાર વસાવવાં જેટલા પૈસા છે, કે તેનો પહેલો વિચાર શા માટે કરતા નથી વિતંડા વાત કરવાની કૃપા રાહે છોડી દઈ આપણે સર્વે ભાઇઓ છીએ એવો ભાવ રાખી એકમેક થઇ સંપીને સુખરૂપ પગલા ભરવા ઘટે છે જેથી આપણા દુઃખની નિવૃત્તિ થાય અને આપણુ સુખી થઇશું એટલે જરૂર સારા કામો કરવાની મતિ સૂઝશે તમે કહેશો કે પૈસાદાર થઈ જવાય તો પછી અભિમાન પેદા થાય મસ્મા આવે વિગેરે એ પણ ખોટું છે. પૈસાનો સંગ્રહ અને તેની યોગ્ય વ્યવસ્થા કરવાનું જે સાધન જ્ઞાન તેને પહેલા અગર સાથે સાથે મેળવો એટલે કદાપિ પૈસાની ગરમી ચઢશે નહિ જ્ઞાન વિનાનો માણુસ પૈસાદાર બન્યો હશે, તો તે ઉલટીજ રીતે બન્યો હશે છતાં તેને સુખી સમજતા નહિ. તેવા માણુસોને પૈસાની ગરમી ચઢે છે ખરૂં જોઇએ તો જ્ઞાન વિના સંપ નહિ અને સંપ વિના લક્ષ્મી નહિ તેમજ લક્ષ્મી વિના સુખ નહિ ખરેખર સુખનું મૂળ જ્ઞાનજ છે માટે સુખનાં

સઘળાં સાધનો આપણી પાસેજ રાખવાં જોઈએ, કોઇક સમે તમે અચાનક દુઃખો થઇ જાઓ તે સમયે સુખનું મૂળ જે જ્ઞાન તેને છોડશોજ નહિ જેથી તે તમારી અસલ સ્થિતિ બતલાવશે આ વિષય આટલેથીજ બંધ કરીશું. આથી સુજ્ઞ ભાઈઓ થોડામાંથી વધારે સમજશો."

તીર્થ યાત્રા અને ધર્મને નામે થતો અધર્મ.

હાલમાં ધર્મને નામે થતા અધર્મમાં પણ આપણા પૈસા વધારે જાય છે માટે એ રસ્તો પણ સુધારવો જોઈએ. આપણને અવળો ધર્મ બતાવનાર બ્રાહ્મણોજ છે અને તે પછી જે વેષ ધારી બન્યા તે મહારાજોના પ્રતાપથી ભાઈઓ બધી જગ્યાએજ બ્રાહ્મણોએજ બગાડયું છે એવો આરોપ એઓના ઉપર શા માટે મૂકવામાં આવે? એ પ્રમાણે જો શક જતો હોય તો આપણે એને માટે જરા વાર વિચાર કરીએ. બ્રાહ્મણો પ્રથમથીજ ત્રણ વર્ણ જે ક્ષત્રીય, વૈસ્ય, અને શુદ્ર એઓમાં ગુરૂત્વપણું ધરાવતા હતા, મતલબકે ત્રણે વર્ણને જ્ઞાન આપી સારે રસ્તે દોરતા હતા. અને બ્રાહ્મણોને ત્રણે વર્ણો પુજય ગણતી એ સમયે બ્રાહ્મણો વેદ વિદ્યા મેળવવામાં પુર્તિ પાય અને કાયદા ધડવાનું કામ કરતા હતા તેમના બનાવેલા સુલભ્ય કાયદા મુજબ ત્રણે વર્ગોના મનુષ્યો તેનો અમલ કરતા હતા બ્રાહ્મણ એ શબ્દ શ્રેષ્ઠ છે તેવા એના કામ પણ શ્રેષ્ઠ હતાં, તેમજ સુખાનુભવ પણ શ્રેષ્ઠજ હતું.

વળી આપણામાં કોઇને શક જશે કે જયારે બ્રાહ્મણોને શ્રેષ્ઠ સુખ મળ્યું અને મળતું હતું તો આવા અધમ સુખોની આશા શા માટે રાખે? એવો શક જાય તો તે માટે વિચાર કરીશું તો તુરતજ માલમ પડશે. જુઓ સૃષ્ટિનો હંમેશાં રાત પછી દિવસ અને દિવસ પછી

રાત જ્ઞાન અને અજ્ઞાન સુખ અને દુઃખ મરણ અને જન્મ એ બધળું પ્રારંભથીજ ચાલ્યું આવે છે. આવો કુદરતી નિયમ આપણે જોતાં આવ્યાં છીએ તેજ પ્રમાણે બ્રાહ્મણોએ પૂર્ણ સુખ મળ્યું છે, એમ માન્યું એટલે ગર્વાનંદી બની પોતાના સ્વાર્થના કાયદા કાનુનો ઘડી ત્રણે વર્ગમાં મનાવા લાગ્યા હોવાં જોઇએ. વળી એ લોકો ધર્માચાર્ય હોવાથી તેમજ ગુરૂ તરીકે હોવાથી તેના સ્વાર્થની આજ્ઞા પ્રથમ વખતની ત્રણે વર્ગ એક વખત તો શું પણ થોડા કાળ સુધી કબુલ કરી અને તે પ્રમાણે ચાલે તે બનવા જોગ છે એને માટે આપણે એક દાખલો લઇશું જેથી સ્પષ્ટ સમજાશે, ધારો કે એક ગામમાં મહેતાજીએ નિશાળ માંડી છે. તેમાં કેટલાક વિદ્યાર્થીઓ ભણે છે હવે મહેતાજી પ્રથમ વખતમાં તે સદ્‌ગુણી છે. જેથી વિદ્યાર્થીઓને મહેતાજી હુકમ કરે તેનો તરત અમલ કરે છે. મતલબ ગુરૂ જે કહે તેમ કરવું અને તેમ કરવાથી વિદ્યાર્થીઓને સારો ફાયદો મળતો હતો તેનું કારણ મહેતાજી સદ્‌ગુણી હોવાથી તે ફાયદેકરજ હુકમ કરે છે. જો ફાયદેકર હુકમ ન કરે તો તે સદ્‌ગુણી મહેતાજી કહેવાયજ નહિ હવે થોડા વખત મહેતાજીએ વિદ્યાર્થીઓ માટે સારા નિયમો ઘડેલા તે તેમને સુખકર થઈ પડેલા જે તેઓ મહેતાજીના તે ઉપકારી બની તેમની આજ્ઞાનું કરી ઉલંઘન કરે નહિ એ સંભવિત છે ત્યાર પછી મહેતાજી સુખના મદમાં છકી જઇ અને છોકરાઓને હુકમ કરે કે તારે ઘેરથી તારા માબાપ ન જાણે એવી રીતે પાંચ શેર ચોખા યા કોઇ વસ્તુ લઇ આવ તો તે છોકરાનું ચાલે તો તે જરૂર લઇને આવશે કારણ કે એક તો મહેતાજીનું કહેવું ઉલંઘન કર્યું નથી. (૨) મહેતાજી શિક્ષા કરશે વળી હંમેશાં મહેતાજી આપણી પાસે એવો

ભરોસો હોવાથી તેની આજ્ઞાનો અમલ કરે તેમાં નવાઈ નથી જુઓ આજકાલ હાલની ચાલુ નિશાળોમાં બાપ પોતાના છોકરાને ઘેર લઈ જવા સારૂ નિશાળમાં આવીને કહેતો મહેતાજી રજા નહિ આપે ત્યાં સુધી તે ઘેર. જવા પામતો નથી આખરે બાપ મહેતાજીને કહે કે છોકરાને રજા આપો અને તે પછી મહેતાજી તેને રજા આપે ત્યાર પછીજ તે છોકરો ઘેર જાયછે આજ તો મહેતાજીની તેમજ માબાપની તેમજ નિશાળીઆની કશી જાતની કીંમત પોશાતી નથી અગાઉના વખતમાં ગુરૂનું કહેવું નહિ માનનારને ભારે સજા થવી હોવી જોઇએ એવીજ રીતે આગળ ગુરૂઓ એટલે બ્રાહ્મણોએ સ્વાર્થનો બોજો ત્રણે વર્ણમાં દાખલ કર્યો હોવો જોઇએ તેમજ ધીમે ધીમે ખરૂં શિક્ષણ આપવા અને લેવાનું ભૂલતા ગયા અને ખોટું શિક્ષણ આપતા ગયા હોવા જોઇએ શિષ્યો અને યજમાનો પ્રથમથીજ આસ્થા રાખનારા હતા એટલે ભરોસે ભૂલતા ગયા હોવા જોઇએ તે પછી જે કોઈ વિદ્યાર્થી ગુરૂની પકકાઈ જાણી ગયો હોય તો તે પોતે પુંજાવાને યા કમાવાને કોઇ નવો રસ્તો ખોલી ગુરૂ બની બેસે આજ પ્રમાણે દરેક રસ્તા ખુલેલા હોવા જોઈએ અને તે બધું પ્રથમ બ્રાહ્મણોના સ્વાર્થને લીધે તેઓથી બનવા પામ્યું હશે વળી કહેવત છે, કે જેના ગુરૂ આંધળા તેના ચેલા ભીખારી મહેતાજી નઠારો હોય તેની હાથ નીચેના છોકરા કદાપિ સારા નીવડે નહિ તે દેખીતું છે. ગુરૂનાં કામ જોઈને ત્રણે વર્ગમાં જેને જેમ ફાવે તેમ અલેકરણ કર્યું.